હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાં સમિતીની સત્તાવીસમી બેઠક (ઓનલાઈન/ઓફલાઈન માધ્યમથી) તા: ૦૮/૧૦/૨૦૨૫ ના રોજ સાંજે ૧૬:૦૦ કલાકે "કુલપતિ ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના વી.સી. કોન્ફરન્સ હોલ ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધ :

તા: ૦૮/૧૦/૨૦૨૫ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.

અ.નં.	સભ્યશ્રીનું નામ	હોદો	સહી
૧.	ડો. ઝેડ. પી. પટેલ	અધ્યક્ષ અને કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી	ઓન લાઈન હાજર
૨.	શ્રી નિતિન વી. સાંગવાન (IAS) ના પ્રતિનિધિ ડૉ. જયદિપસિંહ બી. રાઓલ (પ્રોફેસર)	સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	ઓન લાઈન હાજર
૩.	શ્રી ડી.બી. નિમાવત,	નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.	-
૪.	ડો. અમીતાબેન અશ્વિનભાઈ પટેલ	સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી.	હાજર
૫.	ડો. અલ્કા સિંગ	સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ., નવસારી.	હાજર
૬.	ડો. એચ.એમ. વિરડીયા	સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ., નવસારી.	હાજર
૭.	ડો. તીમુર અહલાવત	આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ., નવસારી.	હાજર
૮.	શ્રી ચિરાગ બી. નાયક	સભ્ય સચિવશ્રી અને હિસાબ નિયામક ન,યુ.કૃ. નવસારી.	હાજર

નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા. જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.

સૌ પ્રથમ નાણાં સમિતિની **સત્તાવીસમી** બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

મુદ્દા નં. ૨૭.૧ તા. ૨૭/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ છવ્વીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર થવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે **તા. ૨૭/૧૨/૨૦૨૪** ના રોજ "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની **છવ્વીસમી** બેઠકની કાર્યવાહી નોંધના **મુદ્દા નં. ૨૬.૧ થી ૨૬.૦૫** સુધી વંચાણે લેવામાં આવ્યા અને જે સર્વાનુમતે માન્ય રાખી મંજૂર કરવામાં આવે છે."

(અમલ :– હિસાબ નિયામકશ્રી)

મુદ્દા નં. ૨૭.૨ તા.૨૭/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ છવ્વીસમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગાલાની નોંધ લેવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની **તા. ૨૭/૧૨/૨૦૨૪** ના રોજ મળેલ **છવ્વીસમી** બેઠકના **મુદ્દા નં. ૨૬.૧ થી ૨૬.૦૫** સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી."

(અમલ :– હિસાબ નિયામકશ્રી)

મુદ્દા નં.૨૭ ૩. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો સને ૨૦૨૪–૨૫ નો વાર્ષિક હિસાબ મંજુર કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના સને ૨૦૨૪-૨૫ (તા. ૦૧.૦૪.૨૦૨૪ થી તા. ૩૧.૦૩.૨૦૨૫) ના વાર્ષિક હિસાબને નાણાં સમિતિ ગ્રાહ્ય રાખે છે અને નિયામક મંડળ સમક્ષ રજુ કરવા ભલામણ કરે છે."

(અમલ :– હિસાબ નિયામકશ્રી)

મુદ્દા નં. ૨૭.૪ નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ માટે સ્થાયી ખર્ચ અને વિકાસ ખર્ચ યોજનાઓની અંદાજપત્રની જોગવાઈ નાણાં વિભાગ તરફથી મંજૂર થયેલ છે. જે વંચાણે લઈ અંદાજોની મર્યાદામાં સને ૨૦૨૫–૨૬ ના વર્ષ માટે ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.

"નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના નાણાકીય વર્ષ સને ૨૦૨૫-૨૬ ના સ્થાયી ખર્ચ યોજનાઓની અંદાજપત્રની મંજુર જોગવાઈ **રૂ. ૧૧૧.૩૭ (કરોડ)** અને વિકાસ ખર્ચ માટે **રૂ.૧૨૧.૩૧ (કરોડ)** એમ કુલ **રૂ.૨૩૨.૬૮ (કરોડ)** નાણાં વિભાગ દ્વારા જોગવાઈ મંજુર કરેલ છે. જેને સ્વીકારવામાં આવે છે અને મંજુર જોગવાઈની મર્યાદામાં નાણાંકિય વર્ષ ૨૦૨૫-૨૬ માં ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે."

(અમલ :– હિસાબ નિયામકશ્રી અને સંશોધન નિયામકશ્રી)

મુદ્દા નં. ૨૭.૫ નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭ ના સ્થાયી ખર્ચ (નોન–પ્લાન) યોજનાના અંદાજ મંજૂર થવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના **સને ૨૦૨૬–૨૭** નાં વર્ષના **સ્થાયી ખર્ચ (નોન પ્લાન)** ના કુલ અંદાજો **રૂ.૧૨૭.૩૯ (કરોડ)** તૈયાર કરવામાં આવેલ છે. જેમાંથી સરકારશ્રીના બજેટ સદર વાઈઝ **સૂચિત આવક રૂ.૨.૯૭ (કરોડ)** બાદ કરી **નેટ અંદાજ રૂ.૧૨૪.૪૨ (કરોડ) ના અંદાજો** ની દરખાસ્ત સરકારશ્રીમાં જરૂરી નાણા માટે રજુ કરવામાં આવેલ છે. **(એનેક્ષર–૧)** જેને ગ્રાહ્ય રાખી નાણાં સમિતિ સંચાલક મંડળમાં રજૂ કરવા ભલામણ કરે છે."

(અમલ :– હિસાબ નિયામકશ્રી)

મુદ્દા નં. ૨૭.૬ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ ની વિકાસ ખર્ચ (પ્લાન) માટે અંદાજપત્રીય જોગવાઇ સરકારશ્રીમાં રજુ કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિકાસ ખર્ચ (પ્લાન) ની ચાલુ યોજનાઓ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે સરકારશ્રીમાં (સ્ટેટમેન્ટ ૧ મુજબ) રૂ. **૧૦૭૭૨.૦૦** લાખ રજુ કરેલ છે. સદર અંદાજપત્રીય જોગવાઈને બહાલી આપવામાં આવે છે."

(અમલ :- સંશોધન નિયામકશ્રી)

મુદ્દા નં. ૨૭.૭ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે જમા રહેલ દાવા વગરની (Unclaimed) બિન જપ્તી (Non-forfeiture) થાપણ (Deposit) બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ ૩૮૬ મુજબ ત્રણ વર્ષ કે તેનાથી વધુ સમયની દાવા વગરની (Unclaimed) થાપણ જપ્ત કરવાની હોય છે. જે અન્વયે જરૂરી પરિપત્ર કરી ત્રણ વર્ષ કે તેનાથી વધુ સમયની દાવા વગરની (Unclaimed) એનેક્ષર-૧ મુજબની થાપણ છૂટી કરવા માટે સમય મર્યાદા તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીની નક્કી કરવામાં આવી ત્યાર બાદ બાકી રહેતી થાપણ જપ્ત કરવાની નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવા નાણાં સમિતિ મંજૂરી આપે છે."

(અમલ :- હિસાબ નિયામકશ્રી)

મુદ્દા નં. ૨૭.૮ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની વિવિધ કચેરીના જુના TAN No. ઉપર આવકવેરા વિભાગ દ્વારા ઉપસ્થિત થયેલ Demand (રકમ) બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે આવેલ વિવિધ કચેરીના જુના TAN No. ઉપર ઉપસ્થિત થયેલ અને ભવિષ્યમાં ઉપસ્થિત થનાર આવક વેરા સંબંધિત Demand (પેનલ્ટીની રકમ) અને ફરજીયાત જમા કરાવવાની રકમ યુનિવર્સિટીના હિતમાં ભરવા તેમજ Chartered Accountant ની સલાહ-સુચન મેળવી અપીલમાં જવાની કાર્યવાહી કરવાની થતી હોય તો તે માટેની અપીલ ફિ ભરી આગળની કાર્યવાહી હાથ ધરવા નાણા સમિતિ મંજુરી આપે છે."

(અમલ :- હિસાબ નિયામકશ્રી)

મુદ્દા નં. ૨૭.૯ અધિકારી/કર્મચારીશ્રીની રજા દરમ્યાન URP Software માં નાણાંકીય કામગીરી સંબધિત આપવાની થતી Approval ની કાર્યપદ્ધતિ નક્કી કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીના URP સોફ્ટવેરમાં અધિકારી/ કર્મચારીશ્રીને એનાયત થયેલ સત્તાને અનુરૂપ System માં નાણાંકીય અને વહીવટી સંબંધિત Approval આપવાની થાય છે. આ Approval તેમની રજા દરમ્યાન (ફક્ત ચાર્જની લેવડ-દેવડ ન કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં) યુનિવર્સિટીના હિતમાં કચેરીની કામગીરીમાં વિલંબ ન થાય તે હેતુથી આપવામાં આવે તો તે મુજબની કાર્યપદ્ધતિની અમલવારીને નાણાં સમિતિ ગ્રાહ્ય રાખે છે."

(અમલ :– આઈ.ટી. વિભાગ અને હિસાબ નિયામકશ્રી)

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્ય સચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

સભ્ય સચિવ અને હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં.નકૃયુ/હિનિ/પી.એ./૩૮૬૯/૨૦૨૫
તા. ૦૮/૧૦/૨૦૨૫

નકલ સવિનય રવાના:–

૧. શ્રી નિતિન વી.સાંગવાન (IAS), સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. શ્રી ડી.બી. નિમાવત, નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૩. ડો. અમીતાબેન અશ્વિનભાઈ પટેલ, સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી.
૪. ડો. અલ્કા સિંગ, સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ નવસારી.
૫. ડો. એચ.એમ. વિરડીયા, સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ. , નવસારી.
૬. ડો. તીમુર અહલાવત, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ. , નવસારી.
૭. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાં સમિતીની અઠ્ઠાવીસમી બેઠક (ઓનલાઈન/ઓફલાઈન માધ્યમથી) તા: ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે "કુલપતિ ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના વી.સી. કોન્ફરન્સ હોલ ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ હતી. જેની કાર્યવાહી નોંધ :

તા: ૧૮/૦૨/૨૦૨૬ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.

અ.નં.	સભ્યશ્રીનું નામ	હોદો	સહી
૧.	ડો. તીમુર અહલાવત	અધ્યક્ષ અને કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી	હાજર
૨.	શ્રી નિતિન વી. સાંગવાન (IAS)	સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.	-
૩.	શ્રી ડી.બી. નિમાવત,	નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.	-
૪.	ડો. અલ્કા સિંગ ના પ્રતિનિધિ ડૉ. નરેન કે. પટેલ (પ્રોફેસર)	સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ., નવસારી.	હાજર
૫.	ડો. એચ.એમ. વિરડીયા	સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ., નવસારી.	ઓન લાઈન હાજર
૬.	ડો. તીમુર અહલાવત	આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ., નવસારી.	હાજર
૭.	શ્રી ચિરાગ બી. નાયક	સભ્ય સચિવશ્રી અને હિસાબ નિયામક, ન.કૃ.યુ., નવસારી.	હાજર

સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) અને નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા. જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.

સૌ પ્રથમ નાણાં સમિતિની **અઠ્ઠાવીસમી** બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

મુદ્દા નં. ૨૮.૧ તા. ૦૮/૧૦/૨૦૨૫ ના રોજ મળેલ સત્તાવીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર થવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે **તા. ૦૮/૧૦/૨૦૨૫** ના રોજ "કુલપતિ ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની **સત્તાવીસમી** બેઠકની કાર્યવાહી નોંધના **મુદ્દા નં. ૨૭.૧ થી ૨૭.૦૯** સુધી વંચાણે લેવામાં આવ્યા અને જે સર્વાનુમતે માન્ય રાખી મંજૂર કરવામાં આવે છે."

(અમલ :– હિસાબ નિયામકશ્રી)

મુદ્દા નં. ૨૮.૨ તા. ૦૮/૧૦/૨૦૨૫ ના રોજ મળેલ સત્તાવીસમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગાલાની નોંધ લેવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની **તા. ૦૮/૧૦/૨૦૨૫** ના રોજ મળેલ **સત્તાવીસમી** બેઠકના **મુદ્દા નં. ૨૭.૧ થી ૨૭.૦૯** સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી."

(અમલ :– હિસાબ નિયામકશ્રી)

મુદ્દા નં.૨૮.૩ નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ ના વર્ષનું સ્થાયી અને વિકાસ ખર્ચની સુધારેલ અંદાજપત્રીય મંજૂર કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનું **સને ૨૦૨૫–૨૬** ના વર્ષનું **સ્થાયી ખર્ચ (નોન પ્લાન) અને વિકાસ ખર્ચ (પ્લાન)** યોજનાઓનું કુલ સુધારેલ અંદાજ (રીવાઈઝ બજેટ) **રૂ. ૨૩૯૧૯.૭૫ (લાખ)** થાય છે જેમાંથી **સૂચિત કુલ આવક રૂ. ૭૦૫.૦૦ (લાખ)** બાદ કરી **કુલ નેટ અંદાજ રૂ. ૨૩૨૧૪.૭૫ (લાખ)** સરકારશ્રીમાં રજુ કરવામાં આવેલ છે. જેને નાણાં સમિતિ દ્વારા ગ્રાહ્ય રાખી સંચાલક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

(અમલ :– હિસાબ નિયામકશ્રી અને સંશોધન નિયામકશ્રી)

<u>અધ્યક્ષ સ્થાનેથી રજુ</u> :–

મુદ્દા નં. ૨૮.૪ નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭ માટે સરકારશ્રીમાં રજુ કરેલ નવી બાબતોની અંદાજપત્રીય જોગવાઇને બહાલી આપવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તક વિકાસ ખર્ચ હેઠળ આગામી **વર્ષ ૨૦૨૬–૨૭** માટે રજુ કરેલ નવી યોજનાઓ માટેની અંદાજપત્રીય જોગવાઇ **રૂ.૩.૯૭ કરોડ (સામેલ સ્ટેટમેન્ટ ૨૦.૫.૧ મુજબ)** અને નવા બાંધકામો માટેની અંદાજપત્રીય જોગવાઇ **રૂ. ૧૬.૦૩ કરોડ (સામેલ સ્ટેટમેન્ટ ૨૦.૫.૨ મુજબ)** એમ કુલ **રૂ. ૨૦.૦૦** કરોડની અંદાજપત્રીય જોગવાઈને કાર્યોત્તર બહાલી આપવામાં આવે છે. "

(અમલ :– સંશોધન નિયામકશ્રી)

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્ય સચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

સભ્ય સચિવ અને હિસાબ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં.નકૃયુ/હિનિ/પી.એ./૫૫૩/૨૦૨૬
તા. ૨૩/૦૨/૨૦૨૬

નકલ સવિનય રવાના:–

૧. શ્રી નિતિન વી.સાંગવાન (IAS), સયુંક્ત સચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. શ્રી ડી.બી. નિમાવત, નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૩. ડો. અલ્કા સિંગ, સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ નવસારી.
૪. ડો. એચ.એમ. વિરડીયા, સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ. , નવસારી.
૫. ડો. તીમુર અહલાવત, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ. , નવસારી.
૬. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.